# રવિવારે ટાટની પરીક્ષા જિલ્લામાંથી ૧૨ હજાર ઉમેદવારો હાજરી આપશે

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આગામી તા ૨૯ જુલાઈના રોજ ટાટની પરીક્ષા લેવાશે. જિલ્લાના ૪૦ પરીક્ષા સ્થળો પર પરીક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરાશે. માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતીને અનુલક્ષી આ પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે દરેક પરીક્ષા સેન્ટર પર વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓને ઓબઝર્વર તરીકે નિમવામાં આવ્યા છે. જિલ્લામાંથી ૧૨ હજાર જેટલા પરીક્ષાર્થીઓ હાજરી આપશે.

માધ્યમિક વિભાગમાં શિક્ષક બનવા માટે ટાટની પરીક્ષા પાસ કરવી અનિવાર્ય છે. જયારે સમયાંતરે ટાટની પરીક્ષાનુ આયોજન કરવામાં આવે છે. જો કે આ વખતે લાંબા સમયથી ટાટની પરીક્ષા લેવામાં આવી ન હોવાનો સુર પણ ઉઠવા પામ્યો હતો. જયારે આગામી રવિવારે ટાટની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગત વર્ષ ૨૦૧૪ માં ટાટની પરીક્ષા લેવામાં આવી હતી. જયારે લાંબા સમયના અંતે ટાટની પરીક્ષાનુ આયોજન કરવામાં આવતા પરીક્ષાર્થીઓનો ઉત્સાહ પણ બેવડાયો છે. અગાઉ આ પરીક્ષા ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી હતી. રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આયોજિત આ પરીક્ષામાં ગાંધીનગર જિલ્લામાંથી ૧૨ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષાની કાર્યવાહી જિલ્લાના ૪૦ના પરીક્ષા સ્થળ પર પરીક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરાશે. જયારે ૪૨૬ બ્લોકમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવાશે. પરીક્ષા દરમિયાન પારદર્શકતા જળવાય તે માટે પુરતી તકેદારી રાખવામાં આવશે તેમ પણ શિક્ષણ તંત્રએ જણાંવ્યુ છે. જયારે પરીક્ષા દરમિયાન વર્ગ ૧ અને ૨ ના અધિકારીઓ પણ સેન્ટર પર રાઉન્ડ લેશે.

# શિક્ષણતંત્રની કચેરીમાં શિક્ષકોને સાતમુ પગાર પંચ આપવા માટે ઉઘરાણા કરાયા !!

**જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં ભ્રષ્ટ વહીવટ વ્યવહાર વિના કામ થતા નથી : જિલ્લાના ૧૫૦૦ શિક્ષકો પાસેથી ઉઘરાણા કરી ભ્રષ્ટ વહીવટનો નમુનો પુરો પાડયો !! ઉઘરાણામાંથી ઉજાણી પણ થઇ**

ગાંધીનગર તા ૨૬

વિદ્યાર્થીઓમાં શિક્ષણ અને સંસ્કારનુ સિંચન કરતી જિલ્લા શિક્ષણતંત્રની કચેરીને ભ્રષ્ટાચારનો ભોરીંગ ભરખી ગયો હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જિલ્લા શિક્ષણતંત્રની કચેરીમાં શિક્ષકોને સાતમા પગારપંચનો લાભ આપવા માટે બિન્દાસ્ત ઉઘરાણા કરવામાં આવ્યા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. પગાર પંચની કામગીરને અનુલક્ષી મોડીરાત સુધી ધમધમતી કચેરીમાં શિક્ષકો પાસેથી લીધેલા પૈસામાંથી ઉજવણી પણ થતી હતી. ભ્રષ્ટ વહીવટની દીશામાં આગળ વધતી કચેરીમાં નિયમ મુજબના સામાન્ય કામો પણ વ્યવહાર વિના થતા નથી. વહીવટ અને વ્યવહાર એકબીજાના પુરક બની ગયા હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે.

વિદ્યાર્થીઓમાં શિક્ષણ અને સંસ્કારનુ સિંચન કરવા ઉપરાંત પારદર્શક વહીવટની સોહામણી વાતો વચ્ચે જિલ્લા શિક્ષણ તંત્રની કચેરીમાં ભ્રષ્ટાચારના મુળિયા મજબુત બનતા જાય છે. શિક્ષકોએ પોતાના કામ કઢાવવા માટે નાંણાકીય વ્યવહાર કરવાની ફરજ પડતી હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. શિક્ષણતંત્રની કચેરીમાં ફરજ બજાવતા પટાવાળાનો મિજાજ પણ મુંઝવણરૂપ બન્યો હોવાનો આક્રોશ મુલાકાતીઓ ઠાલવી રહયા છે. ત્યારે શિક્ષણાધિકારીની કચેરીને ભ્રષ્ટાચારનો ભોરિંગ ભરખી ગયો હોય તેવી સ્થિતિ છે. રાજય સરકાર દ્વારા શિક્ષકો માટે પણ સાતમા પગાર પંચને મંજુરી આપી દેવાતા શિક્ષકોના પગાર ધોરણમાં પણ ૩ થી ૭ હજારનો નોંધપાત્ર વધારો થયો છે. પરંતુ આ પગારપંચની મંજુરી સહીતની પ્રક્રીયાને અનુલક્ષી શિક્ષણાધિકારીની કચેરીમાં કાવડીયાનો વ્યવ્હાર કરવો પડે છે. શાળાના શિક્ષકોને તેમની શાળાના કલાર્ક તેમજ પટાવાળાના માધ્યમથી પાંચસો થી હજાર રૂપિયા કચેરીના કલાર્ક દ્વારા મંગાવી ભ્રષ્ટ વહીવટ આટોપી લેવાયો હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાજયારે આ અન્વયેની કામગીરી માટે પણ શિક્ષણાધિકારીની કચેરીમાં ઓફિસ ટાઈમ પહેલા કામ શરૂ કરી મોડી રાત સુધી ધમધમાટ જોવા મળતો હતો. જયારે જાહેર રજાના દિવસોમાં પણ કચેરીમાં આ વહીવટ સિફતાઈથી થતો હતો. આ દરમિયાન શિક્ષકો પાસેથી લીધેલા રૂપિયામાંથી કચેરીનો સ્ટાફ પણ ઉજવણીની મજા માંણી હોવાનુ પણ ધ્યાને આવ્ય છે. સાતમુ પગારપંચ આપવા માટે જિલ્લાની ગ્રાન્ટેડ શાળાના ૧૫૦૦ થી વધુ શિક્ષકો પાસેથી કચેરીમાં ભ્રષ્ટ વહીવટ આચરવામાં આવ્યો હોવાનુ ધ્યાને આવ્યુ છે.

# મહાત્મા ગાંધી ૧૫૦મી જન્મ જયંતી ઉજવણી રાજય કક્ષાની સમિતીની પ્રથમ બેઠક યોજાઈ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિની આગામી ૨ ઓકટોબર-૨૦૧૮થી શરૂ થનારી રાષ્ટ્રવ્યાપી ઉજવણીમાં ગુજરાત ગરિમામય ઉજવણીથી ગાંધી મૂલ્યોને ચીરંજીવ બનાવશે તેવી નેમ દર્શાવી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ગાંધીજીની વતનભૂમિ એવા ગુજરાતની આ જન્મજયંતિ ઉજવણીમાં વિશેષ જીમ્મેદારી બને છે અને તે અનેક રચનાત્મક કાર્યક્રમો યોજીને આપણે પાર પાડવી છે. મુખ્યમંત્રી મહાત્મા મંદિરમાં યોજાયેલી ગાંધી ૧૫૦મી જન્મજયંતિ ઉજવણીની રાજય કક્ષાની સમિતીની પ્રથમ બેઠકના અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરી રહ્યા હતા. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, મંત્રીઓ સર્વ ગણપતસિંહ વસાવા, ઈશ્વરભાઈ પરમાર, પ્રદિપસિંહ જાડેજા તેમજ રાજય સરકારના વરિષ્ઠ સચિવો, ગાંધી જીવન-વિચાર મૂલ્યો સાથે કાર્યરત સેવા સંસ્થાઓના પ્રતિનિધિઓ આ બેઠકમાં જોડાયા હતા.

## ટુંકી મુદતની નિવિદા

ટાઉનહોલ ગાંધીનગર ખાતે કુટિર ઉદ્યોગના કારીગરોને કીટ વિતરણ સમયે તા. ૪/૮/૨૦૧૮ના રોજ અંદાજે ૧૫૦૦ વ્યક્તિઓના બપોરના ભોજનની તમામ વ્યવસ્થા / સુવિધાઓ સાથેના પ્રતિ ડીશના ભાવ મંગાવવામાં આવે છે. ભોજનમાં શુદ્ધ ઘીમાંથી બનાવેલ મોહનથાળ, ફુલવડી, લીલોતરી શાક, કઠોળ, દાળ, ભાત, પુરી, મીનરલ પાણીનો સમાવેશ કરવાનો રહેશે. રજૂ કરવામાં આવનાર ભાવ ભોજન સમારંભ સંદર્ભેની રસોઈ બનાવવાથી માંડીને પિરસવા સુધીની તથા અંતે સાફ સફાઈ સુધીની અને જરૂરી તમામ સાધન સામગ્રીઓ, કાઉન્ટર, સ્ટાફ વગેરે વ્યવસ્થા સાથે પુરા પાડવાના રહેશે. રસ ધરાવતી વ્યક્તિઓ / ઈસમો / કેટરર્સ / એજન્સી વગેરે આ જાહેરાત પ્રકાશિત થયેથી તા. ૩૦/૭/૨૦૧૮ના રોજ સાંજના ૪.૦૦ કલાક સુધીમાં નીચેના સરનામે બંધ કવરમાં તમામ કરવેરા સહિતના ભાવ રજૂ કરવાના રહેશે.

**ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ.**

(ગુજરાત સરકારનું સાહસ)
હેન્ડલુમ ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટ બિલ્ડીંગ,
મહાત્મા મંદિર પાસે, સેક્ટર-૧૩, ગાંધીનગર.
ફોન નં. : ૦૭૯-૨૩૨૪૧૭૧૨/૨૩૨૪૭૦૩૩

Garvi HANDLOOM — gurjari

માહિતી/૧૦૯૦/૧૮-૧૯ મેનેજીંગ ડીરેક્ટર

## ભારત સાથે... ●

**અનુસંધાન પહેલાનું ચાલુ**

જો ભારતનું નેતૃત્વ તેમની સાથે સંબંધ સુધારવા માટે ઈચ્છુક છે તો અમે પણ તૈયાર છીએ. ભારતીય મિડિયા ઉપર આક્ષેપ કરતા ઈમરાને કહ્યું હતું કે, તેમને બોલીવુડના વિલન તરીકે રજૂ કરવાના પ્રયાસ ભારતીય મિડિયા દ્વારા કરવામાં આવ્યા છે. અફગાનિસ્તાનની વાત કરતા ઈમરાને કહ્યું હતું કે, તેમની સાથે સંતુલિત સંબંધો ઈચ્છીએ છીએ. ઈરાન અમારા હમસાયા તરીકે છે. સાઉદી અરબ પણ અમારી ખુબ નજીક છે. ભ્રષ્ટાચાર સામેની લડાઈના મામલામાં ઈમરાન ખાને ચીનનો દાખલો આપતા તેની પ્રશંસા કરી હતી. વડાપ્રધાન આવાસમાં નહીં રહેવાની પણ ઈમરાને જાહેરાત કરી હતી.

વડાપ્રધાન આવાસનો ઉપયોગ જનતાની ભલાઈ માટે કરવામાં આવશે. ભ્રષ્ટાચારનો અંત લાવીને પાકિસ્તાનમાં મોટાપાયે મૂડીરોકાણ લાવવાના પ્રયાસ કરવામાં આવશે. પાકિસ્તાનને અમે એ પ્રકારથી ચલાવવા માંગીએ છે જે પ્રકારથી અગાઉ કયારે પણ ચલાવવામાં આવી નથી. લઘુમતિઓના હક માટે કામ કરવાની પણ ઈમરાને ખાતરી આપી હતી. ઈમરાને જુદી જુદી પ્રતિક્રિયા અને વિષય ઉપર વાત કરી હતી.

## ફેસબુક... ●

**અનુસંધાન પહેલાનું ચાલુ**

નિયમોનો પણ સામનો કરવો પડ્યો છે. તેથી તેની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે આ સમસ્યાના કારણે ૨.૨૩ અબજ યુઝર્સવાળી કંપનીને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ સાથે ફેસબુક યુઝર્સની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. ફેસબુકનું કહેવું છે કે જૂન મહિનામાં તેમના ૧૪૭૦ કરોડ રેગ્યુલર યુઝર હતા. જેથી ક્વાર્ટરમાં તેમને ૪૨ ટકાનો ફાયદો થયો છે. જો કે હજુ પણ દુનિયાભરમાં ફેસબુકના સૌથી વધુ યુઝર્સ છે. આ સાથે મોબાઈલ જાહેરાતના મામલે પણ કંપની હજી ઘણી આગળ છે.

# ગુરૂ સમાજમાં સદ્‌ગુણોનું સિંચન કરે અને શિષ્યો ગુરૂનું મૂલ્ય સમજે

## ગુરૂપૂર્ણિમાએ શહેરના આધ્યાત્મિક ગુરૂઓનો પ્રજાજોગ સંદેશ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં તા. ૨૭મી જુલાઈ શુક્રવારના રોજ ગુરૂપૂર્ણિમાનું પર્વ હર્ષોલ્લાસ સાથે ઉજવાશે. આ ઉત્સવ ગુરૂ પરંપરામાં માનતા શ્રદ્ધાળુઓ માટે અત્યંત મહત્વનું પર્વ ગણાય છે અને આ દિવસે તેઓ પોતાની શ્રદ્ધાનું કેન્દ્ર સમા આધ્યાત્મિક ગુરૂનું પૂજન કરે છે અને તેમના આશિર્વાદ પ્રાપ્ત કરે છે. ગાંધીનગરમાં આધ્યાત્મિક ગુરૂઓ શહેરના નાગરિકોના જીવન પર તેમના જ્ઞાનરૂપી પ્રકાશ પાથરી રહ્યાં છે ત્યારે ગાંધીનગર સમાચારે 'ગુરૂપૂર્ણિમા'ના પાવન અવસરે તેમનો પ્રજા જોગ સંદેશ પ્રાપ્ત કરવા પ્રયાસ કર્યો છે.



"જ્ઞાનના ગુરૂપૂર્ણિમાના દિવસે પરાશર ઋષિથી સત્યવતી સ્ત્રી દ્વારા ભગવાન વેદ વ્યાસનો જન્મ થયો હતો. વેદ વ્યાસે મહાભારત, ભગવદ્‌ગીતા, ૧૮ પુરાણો, વેદ-વેદાંત, બ્રહ્મસુત્રો વગેરેની રચના કરી હતી. દુઃખની વાત એ છે કે આજના યુગમાં કહેવાતા સંતો-મહાત્માઓ જેને આધારે પ્રવચનો કરે છે તેવા શાસ્ત્રોના રચયિતા વેદ વ્યાસને ભુલી પોતાનું પૂજન કરાવવા 'વ્યાસ પૂર્ણિમા'નું 'ગુરૂપૂર્ણિમા'ના નામે રૂપાંતર કર્યુ છે. હકીકતમાં ગુરૂપૂર્ણિમા એ પહેલા વ્યાસ પૂર્ણિમા છે તેથી અમે પંચદેવ મંદિરે વ્યાસ પાદૂકા પૂજનનું આયોજન કર્યુ છે. દરેકે તેનું મહત્વ સમજવું જરૂરી છે."

**- ફુલશંકર શાસ્ત્રીજી**
ધર્માચાર્ય, પંચદેવ મંદિર, સે. ૨૨



"જીવનપથની સાર્થકતા અને સરળતા ત્યારે જ અનુભવાય છે જયારે કોઈ પથદર્શક સાથે હોય. આધ્યાત્મના અજાણ્યા અને અટપટા પથ પર સાધકને સદ્‌ગુરૂની પ્રાપ્તિ થવી તે ઈશ્વરનું વરદાન કહેવાય. 'ગુરૂ' એ માત્ર વ્યક્તિવિશેષ શબ્દ નથી પરંતુ આત્મોત્થાન માટેનું પરિબળ છે. ઈશ્વરે આપેલ આ મહામુલી ભેટનું અવમૂલ્યન ન કરતા તેને મૂલ્યવાન બનાવવું તે દરેક સાધકના જીવનનું પ્રથમ પવિત્ર કર્તવ્ય છે."

**- પૂ. ગુરૂમા સમાનંદ સરસ્વતીજી**
સમાનંદ આશ્રમ, સે.૧



"કોઈપણ ભૌતિક વિદ્યામાં ગુરૂની જરૂર પડે છે, તેજ પ્રમાણે આધ્યાત્મિક વિદ્યામાં પણ ગુરૂની અનિવાર્યતા રહેલી છે. ગુરૂનું તપ અને શિષ્યની સાચી શરણાગતી એ આલોક તથા પરલોકમાં સુખ, શાંતિ અને મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. ગુરૂનું જ્ઞાન અને અનુભવ સમાજમાં સદ્‌ગુણનું સિંચન કરે છે જેથી સમાજમાં વેર-ઝેર મટીને સંપ, સદ્‌ભાવ તથા સુખની અભિવૃદ્ધિ થાય છે."

**- શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજી**
શ્રી સ્વામિનારાયણ મંદિર, સે. ૨૩



"સાંપ્રત સમયના સનાતન ધર્મમાં અનેક ધર્મગુરૂઓ સમાજમાં છે. ત્યારે સંપૂર્ણ સંતસમાજે પ્રજાને ધર્મસર્ગ અને અધર્મસર્ગનું જ્ઞાન આપવું એ ધર્મગુરૂઓની નૈતિક ફરજ છે. સત્ય, અહિંસા, શ્રદ્ધા, શાંતિ, દયા, સરલતા, ધીરજ, કોમળતા, પ્રેમ, લાગણી, દયાભાવ વગેરે શુભગુણોનો ઉપદેશ આપી સમાજમાં સંસ્કારોનું સિંચન કરવુ એ ગુરૂઓની પ્રાથમિક જવાબદારી છે. સમાજમાંથી કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઘૃણા, ઈર્ષ્યા, દ્વેષ વગેરેનું નીંદામણ કરવુ ગુરૂની ફરજ છે. સૌ ગુરૂઓમાં પોતાની જવાબદારી નિભાવવાની નૈતિક હિંમત આવે અને શિષ્યોને ગુરૂઓનો ઉપદેશ ગ્રહણ કરી જીવનને શ્રેષ્ઠ બનાવે તેવી શુભ કામના."

**- શાસ્ત્રી શ્રી હરિપ્રકાશ સ્વામીજી**
શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ, સે. ૨૩

## બંગાળનું નામ....

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

સમયે એવો નિર્ણય લીધો હતો કે ત્રણેય ભાષા- બંગાળી, હિન્દી અને ઈંગ્લિશમાં તેનું નામ બદલવા માટે પ્રસ્તાવ મોકલવામાં આવશે.

તૃણમૂલ કોંગ્રેસ જયારે રાજયની સત્તામાં આવી હતી તે સમયે રાજયનું નામ બદલીને પશ્ચિમ બાંગો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ ફરીથી તેને બંગાલ કરવાનો નિર્ણય કર્યો હતો. જો કે, કેન્દ્ર પાસેથી તેમને સંમતિ મળી શકી નહોતી. પશ્ચિમ બંગાળનું નામ બદલવાની શરૂઆતી કારણ એવું છે કે જયારે પણ તમામ રાજય સરકારોની બેઠક થાય છે તો અલ્ફાબેટિકલ ઓર્ડરમાં પશ્ચિમ બંગાળનું નામ સૌથી છેલ્લે આવે છે.

